# શહેરમાં અમેરીકન અને દેશી મકાઈની જમાવટ

## દેશી મકાઈના ડોડાનું નવું વર્ઝન અમેરિકન મકાઈ સ્વાદ અને તાશીરમાં ખૂબ સ્વાદપ્રિય : ચોમાસું જામ્યું છે ગરમાગરમ વાનગીની સાથે શહેરના તમામ વિસ્તારોના માર્ગો પર બાફેલી અને શેકેલી મકાઈની ઢગલાબંધ લારીઓ જોવા મળી રહી છે

ગાંધીનગર, તા.૨૮

ઉનાળાની કાળઝાળ ગરમી પછીના વરસાદી વાતાવરણમાં ગરમાગરમ મકાઈ માણવા લોકો લોંગ ડ્રાઈવ પર નીકળી પડે છે. ચોમાસાની ઋતુમાં મકાઈ ખાવી ઘણાને પસંદ છે. સ્વીટ કોર્ન હોય કે દેશી મકાઈ ડોડો બંનેનો સ્વાદ અદભુત હોય છે. મકાઈ આરોગ્ય માટે પણ ખૂબ લાભકારક છે. મકાઈમાં અનેક મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વો અને ફેટી એસિડ મળી આવે છે. જે આપણને આખું વર્ષ તંદુરસ્ત રાખી શકે છે. મકાઈમાં વિટામિન બીનું પ્રમાણ પણ ઊંચું હોય છે. વિટામિન બી વાળ અને હાડકાં માટે ખૂબ જરૂરી છે. એ શરીરના ઊર્જાના સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત તેમાં વિટામિન એનું પણ વધુ પ્રમાણ હોય છે. જે રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે.

અમેરિકન મકાઈ બાફેલી હોય કે શેકેલી પણ તેના પર બટર અને લીંબુ નીચોઈને ખાવાથી આવતો સ્વાદ મોંઢામાં પાણી લાવી દે છે.

દેશી મકાઈના ડોડા નું નવું બાયો જેનીકલ વર્ઝન અમેરિકન મકાઈ ખાવામાં નરમ અને સ્વાદમાં અફલાતૂન હોવાથી દેશી ડોડાની જગ્યાએ વિદેશી કુળની રાજકુમારીની જેમ અમેરિકન મકાઈનો દબદબો વધતો જ જાય છે.




સ્વાદ સોડમ ની સાથે સાથે આરોગ્ય અને અનેક લાભ આપનારી અમેરિકન મકાઈ ખાવી અને ખવડાવી લાભકારક માનવામાં આવે છે અમેરિકન મકાઈના ગુણધર્મો અને ફાયદા ઘણા છે.

મકાઈ કીડનીના રોગોથી પીડાતા લોકો માટે મદદરૂપ થાય છે. બીટા-ક્રીપ્ટોક્ષેનથીન ફેફસા માટે ઉપયોગી છે અને ફેફસાના કેન્સરને રોકવામાં મદદરૂપ થાય છે.

બેબી કોર્નમોટી મકાઈના ડોડા જેવા ખૂબ જ નાના અને કુમળા મકાઈના ડોડા આજકાલ માર્કેટમાં બધે જ મળે છે તેને મકાઈની જેમ છોલીને ડોડા સીધા જ વાપરવામાં આવે છે. તે શાક અથવા સલાડ તરીકે ખાઈ શકાય છે આ નાની મકાઈ ઓછી ફેટવાળી અને ઓછી સોડિયમવાળી હોય છે. તે કોલેસ્ટ્રોલ ફ્રી અને વિટામીન સીથી ભરપૂર છે. તેનો ઉપયોગ પ્રોટીન સાથે કરવામાં આવે છે. તે શરીરને એમીનો એસીડ બનાવી આપે છે.

ચોમાસાના ભીના , ઠંડા વાતાવરણમાં બાફેલી, શેકેલી ગરમ મકાઈને માણવા સ્વાદ રસિયાઓનો જમાવડો થઈ જાય છે. મકાઈના ડોડાના આ વેપાર સાથે શહેર અને આસપાસનાં ગામોના હજારો લોકો જોડાયેલા છે. કેટલીક લારીઓ પર આખોય પરિવાર કામે લાગી જાય છે.

મકાઈના સૂપ, દાણા, ચેવડો ,ભેળ ,બોઈલ, ફ્રાય ,રોસ્ટેડ કોર્ન જેવી વિવિધ આઈટમો આ વરસાદી મોસમ માં સૌથી વધુ ખવાય છે.સ્વાદની સાથે સાથે આરોગ્ય માટે ગુણકારી અમેરિકન મકાઈ હવે સૌના જીવનમાં એક રૂપ બની ગઈ છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

### એક દિવસીય કાર્યક્રમમાં ગણિતના ૧૦૦થી વધુ શિક્ષકોએ ભાગ લીધો



ગાંધીનગર, તા.૨૮

અનેક વિદ્યાર્થીઓ માટે ગણિત અઘરો વિષય હોય છે, અને ગણિતનું નામ સાંભળતાં જ વિદ્યાર્થીઓ માથું ખંજવાળવા લાગતા હોય છે ત્યારે આ ગણિત વિષય સરળ બને અને વધુમાં વધુ વિદ્યાર્થીઓને તેમાં રૂચિ જાગે તે હેતુને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી દ્વારા ખાસ ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના સહયોગથી આ આયોજન કરાયું. જેમાં ૧૦૦થી જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

એક દિવસ માટે યોજાયેલા ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના ચેરમેન ડો. ચંદ્રમૌલી જોશી તેમજ કલ્પેશ અખાણી, ધનરાજ ઠક્કર જેવા ગણિતના નિષ્ણાતોએ વૈદિક ગણિતની શું વિશેષતા છે અને તે સરળ રીતે વિદ્યાર્થીઓને કઈ રીતે શીખવાડી શકાય તે અંગે હેન્ડ્સ ઓન એક્ટિવિટિઝ સાથે શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. ડો. ચંદ્રમૌલી જોશીએ સાધનો દ્વારા કઈ રીતે ત્રિકોણ બનાવી શકાય અને તેના માટેની શું શરત છે તેના વિશે પ્રાયોગિક માહિતી આપી. તો ધનરાજ ઠક્કરે વૈદિક ગણિત વિશે માહિતી આપીને સરવાળા અને બાદબાકી સરળતાથી કઈ રીતે કરી શકાય તે સમજાવ્યું. કલ્પેશ અખાણીએ ગણિતના ઉપયોગ સાથે મેજીક બોક્સ બનાવ્યા અને વ્યક્તિએ ધારેલી સંખ્યા કઈ રીતે જવાબમાં લાવી શકાય તે અંગે સમજાવ્યું. સહભાગી થયેલા ગણિતના શિક્ષકોએ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત સાયન્સ સિટીની રોબોટિક્સ ગેલેરીમાં જઈને જુદા જુદા પ્રકારના રોબોટ્સ વિશે માહિતી મેળવી તેમજ એક્વેટિક ગેલેરીમાં વિવિધ પ્રજાતિની માછલીઓ અને જળચર જીવો નિહાળ્યા. જે બાદ તેમણે જણાવ્યું કે દરેક લોકોએ ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત એક વાર જરૂર લેવી જોઈએ.




ગાંધીનગરના ઈન્દ્રોડા વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળા અને સરકારી અંગ્રેજી માધ્યમ શાળામાં તાજેતરમાં શહેરની સેવાભાવી સંસ્થા સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી જેમાં ધોરણ ૧થી ૪માં ફૂટપટ્ટી, પેન્સિલ, રબર-સંચો તેમજ ધોરણ પાંચથી આઠમાં પેન અને નોટબુક આપવામાં આવી હતી. આ ઉમદા કાર્ય માટે ઈન્દ્રોડા ગામ અને શાળા પરિવારે સિનિયર સિટીઝન કાઉન્સિલનો આભાર માન્યો હતો.

# ગ-૪ના અંડરપાસ પર ઝળુંબતું મોતનું જોખમ !!

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં છેલ્લાં કેટલાંક સમયથી તાજેતરમાં કરાયેલા વિવિધ વિકાસ કાર્યોમાં બેદરકારીના કિસ્સા બહાર આવતા રહે છે. હજુ જે ઓવરબ્રિજના લોકાર્પણને ૧૨ દિવસ પણ ના થયા હોય તેના રોડ પરથી ડામર ઉખડવા લાગે તો ક્યાંક સામાન્ય વરસાદમાં ભુવા પાડવા લાગે છે. શહેરમાં વચ્ચોવચ બનાવી દેવાયેલા બંને અંડરપાસમાં પણ કંઈકને કંઈક ફરિયાદો ચાલુ જ હોય છે. અત્યારે ચોમાસાને અનુલક્ષીને જયારે ઘ-૪નો અંડરપાસ બંધ કરાયો છે ત્યારે તેના વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતા ગ-૪નો અંડરપાસ પણ હવે વાહચાલકો માટે જોખમી છે કેમકે આ અંડરપાસ પર લગાડાયેલો સ્ટ્રીટલાઈટનો થાંભલો જોખમી રીતે નમી પડ્યો છે. આ થાંભલો ગમે ત્યારે પડી શકે છે અને કોઈ દુર્ઘટના સર્જી શકે છે. ઝળુંબતા મોતના જોખમ જેવા સત્વરે આ થાંભલાને સુરક્ષિત રીતે હટાવી તેને યોગ્ય રીતે લગાડાય તે જરૂરી જણાઈ રહ્યું છે.



# ગાંધીનગરના યુવા ટેક્વોન્ડો ખેલાડીનું મેજિક બૂક ઓફ રેકોર્ડમાં નામ ઝળક્યું

ગાંધીનગર, તા.૨૮

૧૮ વર્ષ પહેલાં મિલાપ ટાટારિઆ ટાઈગરે માર્શલઆર્ટ શીખવાની શરૂઆત કરી હતી ત્યારે સહેજ પણ ખ્યાલ નહતો કે હું માર્શલઆર્ટ ક્ષેત્રે આટલો આગળ આવીશ. કુક્કીવોન વર્લ્ડ ટેક્વોન્ડો ફેડરેશન હેડક્વાર્ટર દ્વારા જારી કરાયેલ ટેકવોન્ડોમાં પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ મેળવ્યાની સિદ્ધિ હાંસલ કરી ગુજરાતમાંથી એક માત્ર ગાંધીનગરના મિલાપ ટાટારિઆ ટાઈગરની પસંદગી કરવામાં આવી. રમત-જગતમાં મિલાપ ટાટારિઆ ટાઈગરનું સાતત્યપૂર્ણ પ્રદર્શન જોઈને સંસ્થાએ એવોર્ડની જાહેરાત કરી હતી ત્યારે મેજિક બુક ઓફ રેકોર્ડ દ્વારા " બેસ્ટ ટેક્વોન્ડો કોચ " ના શીર્ષક તરીકે "બેસ્ટ એચીવર્સ એવોર્ડ - ૨૦૨૩ " એનાયત કરવામાં આવ્યો. મિલાપ ટાટારિઆ ટાઈગરે છેલ્લા ૧૮ વર્ષમાં ટેક્વોન્ડો રમતમાં પોતાના રાજ્ય માટે ઘણા મેડલો અને એવોર્ડ જીતી ચુક્યા છે. મિલાપ ટાટારિઆ ટાઈગરે છેલ્લે જણાવ્યું હતું કે, પોતાની સુરક્ષા માટે છેલ્લાં શ્વાસ સુધી લડી લેવાની હિંમત જ તમને સુરક્ષિત કરી શકે છે.




# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો નવતર પ્રયત્ન




ગાંધીનગર, તા. ૨૮

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી દ્વારા દત્તક લીધેલ ગામ શેરથા ખાતે યુનિવર્સિટીના એજ્યુકેશન ફોર ઓલની વિભાવનાને સાકાર કરવા સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટીવીટી સેલ અને આરોગ્ય અને શિક્ષણ પ્રત્યેની જાગૃતતા માટે કામ કરનાર અમૃત મંગલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'હરતું-ફરતું અશોક સંસ્કાર વિદ્યામંદિર' પ્રકલ્પનું તા. ૨૩-૬-૨૦૨૩ના રોજ ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગામના ૫ થી ૧૦ વર્ષ સુધીના બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ આપવાનો ઉમદા ઉદ્દેશ્ય રહેલો છે.

આ ઉદ્દઘાટન સમારંભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર-લાયબ્રેરી સાયન્સ), એક્ષટેન્શન એક્ટીવીટી સેલના હેડ ડૉ. સોનલ ચૌધરી, ડૉ. જયેશ પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર અને શેરથા ગામના વતની) અને યુનિવર્સિટી પરિવારના અન્ય સભ્યો, અમૃત મંગલ ટ્રસ્ટના ફાઉન્ડર અને ચેરપર્સન ડૉ. કલાબેન શાહ, અશોક વિદ્યામંદિરના પ્રેસીડેન્ટ બીનાબેન આચાર્ય, ટ્રસ્ટના અન્ય સભ્યો, શેરથા ગામના સરપંચ, તલાટી, પ્રાથમિક શાળાના આચાર્ય ગ્રામજનો અને જેમને માટે આ કાર્યક્રમ યોજાયો તે પ્રાથમિક શાળાના બાળકો ઉત્સાહપૂર્વક જોડાયેલા હતા.

# 'અમે ગુજરાતી કલાકાર મહાસંઘ' પરિવારના ત્રણ કલારત્નોને સન્માન

### રાજ્ય સરકારે 'હેલ્લારો' માટે જાગૃતિ ઠાકોર અને 'મસ્તીખોર' માટે ભારત વ્યાસને જયારે અન્ય એક કાર્યક્રમમાં હસમુખ શ્રીમાળીને એવોર્ડ



ગાંધીનગર, તા.૨૮

ગુજરાતની સર્વપ્રથમ ચેરીટી રજીસ્ટર સુચિત કલા સંસ્થા "અમે ગુજરાતી કલાકાર મહાસંઘ" પરિવારના ત્રણ કલારત્નોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. ગુજરાત કલાકાર મહાસંઘના પ્રમુખ હિમાંશુ ભચેચની અખબાર યાદીમાં જણાવ્યાં અનુસાર ગઈકાલે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી ચલચિત્રોના કલાકારો, લેખક, નિર્દેશકોને સન્માનવાનો કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયો હતો જેમા કચ્છની 'ઢોલીડો' કથા આધારીત પ્રસિદ્ધ ફિલ્મ હેલ્લારો માટે સુ. જાગૃતિબેન ફાલ્ગુન ઠાકોર, સર્વપ્રથમ ગુજરાતી બાળ ફિલ્મ 'મસ્તીખોર' માટે ભરતભાઈ વ્યાસને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા જ્યારે અમદાવાદ ખાતે યોજાયેલ અન્ય એક એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં મહાસંઘના ટ્રસ્ટી પ્રસિદ્ધ સિનિયર મેક-અપ આર્ટીસ્ટ હસમુખભાઈ શ્રીમાળીને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો.

જાગૃતિબેનના નાની મોતીબાઈ તેમના જમાનામાં મુંબઈની પ્રસિદ્ધ જુની રંગભૂમિની કંપની ભાંગવાડીના સુપ્રસિદ્ધ અભિનેત્રી હતાં અને ગુજરાતનું પ્રસિદ્ધ નાટક "વડીલોના વાંકે" જોવા જવા ગુજરાતથી મુંબઈ સ્પે. ટ્રેનો દોડતી રાત્રે નાટક જોઈ પ્રેક્ષકો સવારે સ્ટેશને દાંતણ કરતા હતા.

હિમંતનગરના નિવાસી ભરતભાઈ વ્યાસ કે જેઓ વર્ષોથી હિમંતનગર અને આસપાસના પંથકમાં ફિલ્મ, નાટકો માટે અવિરત કલાને ઉજાગર કરી રહ્યા છે જેઓ રાજ્ય સરકારના ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત છે તેમની લિખિત દિગદર્શિત ગુજરાતી સર્વપ્રથમ થિયેટરના પડદે ચઢનારી બાળ ફિલ્મ "મસ્તીખોર" કે જે મુળભુત બાળકોની સમસ્યાઓ ઉપર આધારિત છે, તેમને શ્રેષ્ઠ લેખક અને શ્રેષ્ઠ દિગ્દર્શકની કેટેગરીમાં એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ગઈકાલે જ અમદાવાદ મંગલ પાંડે હોલ ખાતે અન્ય એક એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિદ્ધ સિનિયર મેક-અપ આર્ટીસ્ટ અને ગુજરાતી કલાકાર મહાસંઘના ટ્રસ્ટી હસમુખભાઈ શ્રીમાળીને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા હતાં. હસમુખભાઈ વર્ષોથી ફિલ્મ, ટી.વી. અને સીરિયલ માટે ગુજરાત અને મુંબઈના અનેક નામી અનામી દિગ્ગજ કલાકારો માટે રંગકર્મી તરીકે મેક-અપની સેવાઓ આપી ચૂક્યા છે. અમે ગુજરાતી કલાકાર મહાસંઘ સાથે જોડાયેલા ત્રણે કલારત્નોને મહાસંઘ પરિવારે ગુજરાતી તમામ કલા પરિવાર વતી શુભકામનાઓ પાઠવી હતી.

# આજે ગચ્છાધિપતિ આચાર્ય પૂજ્ય વિજય અભયદેવસૂરીશ્વરજીનું ગાંધીનગરમાં આગમન

### મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી સવારે ઘ-૫ સર્કલે શોભાયાત્રાને પ્રસ્થાન કરાવશે : ધારાસભ્યો, મેયર સહિત હોદ્દેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં જૈન ભાવિકો ઉપસ્થિત રહેશે


ગાંધીનગર,તા.૨૮

શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ગચ્છાધિપતિ આચાર્ય પૂ.વિજય અભયદેવસૂરીશ્વરજીના ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી પધારશે. આવતીકાલે અષાઢ સુદ ૧૧, ગુરુવાર, તારીખ ૨૯મી જુનના રોજ પૂ. ગચ્છાધિપતિ શ્રી રામસૂરીશ્વરજી (ડહેલાવાલા) સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ મહામાંગલિકપ્રદાતા, પ્રવર સમિતિના કાર્યવાહક ગચ્છાધિપતિ આચાર્ય પૂ.વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા. આદિ ૬૦ જેટલા શ્રમણ - શ્રમણી ભગવંતો પધારી રહ્યા છે. ગાંધીનગરના ઘ-૫ સર્કલે પેટ્રોલ પમ્પ પાસે સવારે ૮.૩૦ કલાકે સે.૨૩થી ગુરુદેવના મંગળ પ્રવેશની શોભાયાત્રા શરૂ થશે જેને મુખ્યમંત્રી લીલી ઝંડી બતાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવશે. તેમની સાથે ગૃહ રાજ્ય મંત્રી પણ જોડાશે. આ પ્રસંગે "તારક મહેતા કા ઉલટા ચશ્મા" ફેમ ટપુ ઉર્ફે ભવ્ય ગાંધી પણ પધારશે.

ગાંધીનગરમાં ગચ્છાધિપતિ આચાર્ય પૂ.વિજય અભયદેવસૂરીશ્વરજીના આગમન પ્રસંગે ધારાસભ્યો રીટાબેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર, મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, કોર્પોરેટરો, અન્ય પદાધિકારીઓ તથા જૈન શ્રેષ્ઠીઓ વિગેરે ઉપસ્થિત રહેશે. શોભાયાત્રા સેક્ટર-૨૨ અંદરના ભાગોમાં ફરીને સે-૨૨ જિનાલય ખાતે અભય અમૃત મંડપમાં પ્રવેશ કરશે જ્યાં પૂ.ગુરુદેવનું પૂજન અને પછી તેમનું પ્રવચન યોજાશે. આ પ્રસંગે રાજ્યના વિવિધ શહેરોમાંથી અનેક ગુરુભક્તો પણ મોટી સંખ્યામાં પધારશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાજ સાહેબ પોતાના આદિઠાણા સાથે સે-૨૨ જૈનદેરાસર ખાતે પાંચ મહિના સ્થિરતા કરશે અને મહારાજ સાહેબની નિશ્રામાં શ્રમણ-શ્રમણી સહિત ૬૩ ઠાણાની નિશ્રા ગાંધીનગરને પ્રાપ્ત થવાને કારણે પાટનગરના સમસ્ત જૈન સમાજમાં પ્રસન્નતા પ્રસરવા પામી છે. સમગ્ર જૈન સમાજ આ સુવર્ણ તકની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# સે-૨૯ સચિવાલય જીમખાનાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડીયમ ગૌલાપુર હલદવાની નૈનીતાલ (ઉત્તરાખંડ) મુકામે તા.૨૩થી તા.૨૬ જુનના રોજ છઠ્ઠી નેશનલ ફીન સ્વીમીંગ ચેમ્પીયન શીપ યોજાઈ હતી. આ સ્પર્ધામાં જીમખાના પુલના સ્વીમર ધૈર્ય પંડ્યાએ ૪ X ૫૦ રીલે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી વિજેતા બની પુલનું ગૌરવ વધાર્યુ છે. આ સ્પર્ધામાં વિજયી થવા બદલ સચીવાલય જીમખાનાના મેનેજર જીતુભાઈ પરમાર તેમજ લેડી કોચ મનીષા ત્રિપાઠી તથા સ્પર્ધકના કોચ અને ટ્રેનર તૌફીક મેમન તેમજ રામભાઈ પરમાર, શરદ વ્યાસે વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત અન્ડર વોટર એસો.ના પ્રેસિડેન્ટ વરુણ પટેલ, સેક્રેટરી શીતલ ભટ્ટે પણ વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા.

# જીઆઈપીએસમાં 'ગ્રીન ડે'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજામાં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તા. ૨૮-૬-૨૦૨૩ બુધવારના રોજ 'ગ્રીન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ગ્રીન રંગની અલગ અલગ વસ્તુઓની જાણકારી આપવામાં આવી હતી.




ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત 'મેરા બુથ, સબસે મજબૂત' કાર્યક્રમ અંતર્ગત ભારતના પ્રધાનમત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાજપ કાર્યકરોને વર્ચ્યુઅલ સંબોધન કર્યુ જેના ભાગરૂપે ગાંધીનગર સેક્ટર-૨૪ બુથના સદસ્યો અને મોટી સંખ્યામાં દેવીપૂજક સમાજના સભ્યો અગ્રણી રમણભાઈ વિરમગામિયાના નેતૃત્વમાં ઉપસ્થિત રહ્યાં હતા.